# સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૩ ઈંચ વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ તાલુકામાં વરસાદ થયો : ગુજરાતમાં મોનસુનની સિઝનમાં હજુ સુધી ૯૯.૦૪ ટકા વરસાદ : મોટાભાગના જળાશયો ભરાયા

અમદાવાદ,તા.૩

સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં આજે પણ ભારે વરસાદ જારી રહ્યો હતો. રાજકોટ, ભાવનગર, બોટાદ અને કચ્છ જેવા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના નવસારી સહિતના કેટલાક વિસ્તારોમાં વરસાદ થયો હતો. ભારે વરસાદના કારણે આજે પણ જનજીવન ઉપર અસર થઈ હતી. સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદી માહોલ જામેલો રહ્યો છે. અમરેલીના ખાંભામાં બે ઈંચથી વધુ વરસાદ પડ્યો છે જ્યારે વલસાડના કપરાડામાં પણ બે ઈંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. રાજકોટના આસપાસના વિસ્તારોમાં પણ વરસાદ પડ્યો છે. પાટણ તથા બોડેલી સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. બીજી બાજુ દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારો ભરુચ, સુરત, નવસારી, વલસાડમાં ભારેથી અતિભારે વરસાદ પડી શકે છે. વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં પણ અતિભારે વરસાદ પડી શકે છે. અમરેલી, ભાવનગર, બોટાદ, કચ્છમાં પણ ભારે વરસાદની આગાહી કરાઈ છે. આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદની ચેતવણી અકબંધ રખાઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૬ તાલુકાઓમાં વરસાદ થયો છે. ગુજરાતમાં હજુ સુધી સિઝનનો ૯૯.૦૪ ટકા વરસાદ થઈ ચુક્યો છે. રાજયમાં આ વર્ષે ચોમાસું આશીર્વાદરૂપ રહ્યું છે. રાજયના ૨૦૪ જળાશયો પૈકી ૫૧ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાઈ ગયા છે. તે ઉપરાંત ૪૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા સુધી ભરાયા છે. મોસમનો સરેરાશ વરસાદ ૯૯.૦૪ ટકા થયો છે. જેમાં કચ્છ અને દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર મારફતે મળતા અહેવાલ મુજબ ૩ સપ્ટેમ્બર-૨૦૧૯ના સવારે ૬.૦૦ કલાકે પુરા થતા છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૧૬ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જેમાં લોધીકા, પાલીતાણા અને બોટાદ તાલુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે તે ઉપરાંત આઠ તાલુકાઓમાં બે ઈંચથી ચાર ઈંચ સુધી વરસાદ વરસ્યો છે. જેમાં રાજકોટ, ચીખલી, રાપર ઘોઘા, જૂનાગઢ, જૂનાગઢ શહેર, ટંકારા અને જોડીયાનો સમાવેશ થાય છે. તે ઉપરાંત ૧૦૫ તાલુકાઓમાં બે ઈંચથી ઓછો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો મળ્યા છે. રાજયમાં મોસમનો સરેરાશ ૯૯.૦૪ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં કચ્છ ઝોનમાં ૧૨૧.૫૬ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૮૦.૨૮ ટકા, પૂર્વ મધ્ય ગુજરાતમાં ૯૫.૭૨ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૮૯.૦૨ ટકા અને દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૧૦.૩૫ ટકા વરસાદ વરસ્યો છે. રાજયના ૨૦૪ જળાશયો પૈકી ૫૧ જળાશયો ૧૦૦ ટકાથી વધુ ભરાઈ ગયા છે. તે ઉપરાંત ૪૯ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા વચ્ચે, ૨૯ જળાશયો ૫૦ થી ૭૦ ટકા વચ્ચે, ૨૫ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે અને ૫૫ જળાશયો ૨૫ ટકા થી ઓછા ભરાયા છે. જેમાં ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૦.૩૭ ટકા જળસંગ્રહ થયો છે, તે ઉપરાંત મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૯૫.૮૧ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૮૬.૪૬ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૬૯.૯૨ ટકા અને સૌરાષ્ટ્રના ૧૩૯ જળાશયોમાં ૫૯.૨૫ ટકા જળસંગ્રહ થયો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરથી મળેલા અહેવાલ મુજબ સરદાર સરોવર, ઉકાઈ, કડાણા, વણાકબોરી, મચ્છુ-૩, આજી-૪, મચ્છુ-૨, આજી-૩, ઉન્ડ-૨, પાનમ, કરજણ,આજી-૨, ફોફલ-૨, મચ્છુ-૧, મીટ્ટી, ડેમી-૨, છાપરવાડી-૨, લાલપરી, ગોધાતડ અને જવાનપુરા જળાશયોમાં ૮૫થી ૧૦૦ ટકા સુધી જળ સંગ્રહ થયો છે.



અરવલ્લી જીલ્લાના ધનસુરામાં વિવિધ જગ્યાએ ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લાના ધનસુરામાં પરબડી ચોક,ચાર રસ્તા, ઘનશ્યામ સોસાયટી, બંસીધર સોસાયટી સહિતની જગ્યાઓએ ગણેશ ભગવાનની સ્થાપના કરવામાં આવી હતી. ભક્તો એ વાજતે ગાજતે ભગવાનની મૂર્તિની સ્થાપના કરી હતી.

## ધાનેરામાં મધુસુદન માર્કેટના વેપારીઓએ વાજતે ગાજતે શ્રીની સ્થાપના કરી

ધાનેરા, તા. ૩

ધાનેરામાં મધુસુદન માર્કેટના વેપારીઓ દ્વારા વાજતે ગાજતે ગણપતિદાદાની સ્થાપના કરી હતી અને ગણપતિદાદાની કરે છે જેમાં પહેલા દિવસે ગણપતિ સ્થાપન અને તે બાદ બે દિવસ પૂજા અર્ચના કાર્ય બાદ ત્રીજા દિવસે વિશાળ શોભાયાત્રા નીકાળી ગણપતિદાદાને વિદાય



પૂજા અર્ચના કરી ગણપતિ મહોત્સવ ઉજવવાની તૈયારીઓ કરી હતી. બીજી તરફ આ વખતે વેપારીઓ દ્વારા ચાઈનીઝ માટીની મૂર્તિના બદલે માટીની મૂર્તિ લાવી હતી.

ધાનેરા મધુસુદન માર્કેટના વેપારીઓ દર વર્ષે ટ્રાઇ દિવસીય ગણપતિ મહોત્સવનું આયોજન આપે છે. ત્યારે આજે મધુસુદન માર્કેટના વહેપારીઓ દ્વારા મધુસુદન માર્કેટમાં વાજતે ગાજતે ગણપતિદાદાની સ્થાપના કરી હતી. લોકોની ભગવાન પ્રત્યે શ્રદ્ધા અપરંપાર છે પરંતુ ક્યારેય ક્યારેક લોકોની નાની એવી ભૂલથી ધાર્મિક લોકોની લાગણી દુભાય છે.

### સ્વચ્છ ભારત મિશનમાં ગુજરાતની વધુ એક ગૌરવ સિધ્ધિ

## પવિત્ર યાત્રાધામ સોમનાથ સ્વચ્છ આઈકોનીક પ્લેસ જાહેર થયું

### ૬ સપ્ટેમ્બરે દિલ્હીમાં એવોર્ડ એનાયત થશે : મુખ્યમંત્રીના અભિનંદન

ગાંધીનગર, તા. ૩

ગુજરાતના પવિત્ર યાત્રાધામ સોમનાથને શ્રેષ્ઠ સ્વચ્છ તીર્થધામ તરીકેનો એવોર્ડ ભારત સરકારના જલશકિત, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ ગૌરવ માટે સોમનાથ યાત્રાધામ અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને અભિનંદન પાઠવ્યા છે. આગામી તા. ૬ સપ્ટેમ્બર-૨૦૧૯ શુક્રવારે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે યોજાનારા એક સમારોહમાં ગુજરાતને આ એવોર્ડ અર્પણ કરાશે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ભારત સરકારના જલશકિત, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયે સ્વચ્છ ભારત મિશન તહેત સ્વચ્છતા-સફાઈની ઉત્કૃષ્ટતા અને નવા પ્રયોગો માટે જે માનદંડો નક્કી કર્યા છે તેમાં બેસ્ટ સ્વચ્છ આઈકોનીક પ્લેસ તરીકે યાત્રાધામ સોમનાથની પસંદગી કરવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણા અને માર્ગદર્શનથી રાજયના યાત્રા-પ્રવાસન ધામોને ૨૪૮૭ સ્વચ્છ-સુઘડ સાફસુથરા રાખવાનું અભિયાન તા. ૧ એપ્રિલ-૨૦૧૭થી રાજયના દ્વારકા, સોમનાથ, અંબાજી, પાલીતાણા, શામળાજી, ગિરનાર અને પાવાગઢ સહિતના યાત્રાધામોમાં હાથ ધરવામાં આવ્યું છે.

આ અન્વયે બીનીજી ઈન્ડીયા લીમીટેડને દ્વારકા, સોમનાથની સ્વચ્છતા સફાઈની કામગીરી સોંપવામાં આવેલી છે. સોમનાથ યાત્રાધામમાં કુલ ૧.૭૪ લાખ સ્કે. મીટર વિસ્તારમાં દરરોજ સ્વછતા-સફાઈની કામગીરી બીવીજી દ્વારા હાથ ધરવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરની સ્વચ્છતા સફાઈની કામગીરી પણ સફળતાપૂર્વક હાથ ધરાઇ રહી છે.

### માલપુરના મોરડુંગરી જલારામ મંદિર ખાતે

## ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલનો અભિવાદન સમારોહ

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના મોરડુંગરી ગામે આવેલા જલારામ મંદિર ખાતે બાવન ગામ લેઉઆ પાટીદાર સમાજ-માલપુર અને



જીલ્લા ખોડલધામ સમિતિ દ્વારા મંગળવારે ખોડલધામ ટ્રસ્ટ કાગવાડના ચેરમેન નરેશ પટેલ શુભેચ્છાસહ અભિવાદન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં નરેશ પટેલની સાકારતુલા કરવામાં આવી હતી. નરેશ પટેલે બિન અનામત નીતિથી સંતોષિત હોવાનું ઉપસ્થિત જનમેદનીને જણાવ્યું હતું.

### ડીસાના જાગૃત વાલીઓ નવી દિશા ચીંધશે : 'વિશ્વ શિક્ષક દિન' પ્રસંગે

## ડીસાની આદર્શ વિદ્યા સંકુલમાં એક સાથે ૧૫૦થી વધુ શિક્ષકોનું જાહેર સન્માન

ડીસા

બનાસકાંઠાનું ડીસા શહેર તમામ મોરચે નવી દિશા ચીંધવામાં અગ્રેસર રહે છે ત્યારે આ વર્ષે ડીસાની જૂની અને જાણીતી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા આદર્શ વિદ્યાસંકુલમાં કેળવણીના પાઠ ભણતા બાળકોના વાલીઓએ પણ જાગૃતિની પ્રતીતિ કરાવી આવતીકાલ ગુરુવારે વિશ્વ શિક્ષક દિનની ઉજવણી પ્રસંગે આદર્શ વિદ્યાસંકુલના તમામ ગુરુજીઓનું સામુહિક સન્માન કરવાનો નિર્ણય લઈ નવી દિશા ચીંધી છે.

આવતીકાલ ગુરુવારે સવારે ડીસાના આદર્શ વિદ્યાસંકુલમાં બે અલગ અલગ સેશનમાં શાળાના વાલી મંડળ દ્વારા શિક્ષક સન્માન સમારોહ યોજાશે.જે પૈકી સવારે ૭.૩૦ થી નવ વાગ્યા દરમ્યાન આદર્શ પ્રાથમિક શાળાના તમામ શિક્ષકો તેમજ સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ દરમ્યાન શાળાના માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના તમામ ગુરુગણનું વાલી મંડળો દ્વારા જાહેર સન્માન કરાશે. સંસ્કાર મંડળ, ડીસાના પ્રમુખ ડો.અજયભાઈ જોશી, તેમજ અન્ય ટ્રસ્ટીઓ ઉપરાંત ડીસાના પ્રખર સાહિત્યકાર કનુભાઇ આચાર્યની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર આ શિક્ષક સન્માન સમારોહમાં શાળાના પ્રાથમિક, ઉચ્ચતર પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વાલી મંડળોના હોદ્દેદારો અને જાગૃત વાલીઓ પોતાના સ્વહસ્તે શાલ, સન્માનપત્રો અને પેન આપી ગુરુગણનું સન્માન કરી રૂણ સ્વીકાર કરશે.

ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં એક જ શૈક્ષણિક સંકુલમાં વિશ્વ શિક્ષક દિનની ઉજવણીના દિવસે જ એક સાથે ૧૫૧ થી વધુ શિક્ષકોનું સન્માન થનાર હોઈ આ પ્રસંગ શાળા અને બનાસકાંઠાના શૈક્ષણિક જગત માટે પણ નોંધપાત્ર બની રહેશે.આવો આવકાર્ય અભિગમ અપનાવી આદર્શ વિદ્યાસંકુલના વાલી મંડળોએ નગર તેમજ જિલ્લાની અન્ય શૈક્ષણીક સંસ્થાઓના વાલીઓને પણ નવો રાહ ચીંધ્યો છે.

### એક દિવસ માટે શિક્ષક બનનાર બાળકોને પણ વાલી મંડળ પ્રોત્સાહિત કરશે

દર વર્ષે શૈક્ષણિક સંસ્થાઓમાં પાંચમી સપ્ટેમ્બરે વિશ્વ શિક્ષક દિનની ઉજવણી અંતર્ગત સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરાય છે અને આ ખાસ દિવસે બાળકો જ એક દિવસ માટે શાળાના આચાર્ય, શિક્ષક તેમજ સેવક તરીકેની જવાબદારી સંભાળી શાળા સંચાલન તેમજ શૈક્ષણિક કાર્યનો જાત અનુભવ મેળવે છે ત્યારે આ વર્ષે ડીસાના આદર્શ વિદ્યાસંકુલમાં એક દિવસ માટે શિક્ષક બનનાર એક સોથી વધુ બાળકોને પણ વાલી મંડળ દ્વારા આકર્ષક પેન આપી સન્માનિત કરી પ્રોત્સાહિત કરાશે. ડીસા આદર્શ વિદ્યાસંકુલના ચારેય વાલી મંડળોની આવી સક્રીયતા આ વખતે ઉડીને આંખે વળગી રહી છે.



શ્રી ગણેશ યુવક મંડળ વિનાયકનગર આયોજિત ૨૩મા ગણપતિ મહોત્સવમાં ગણપતીદાદાનું આગમન ડીજેના તાલે નાચતાગાતા અને બાઈક રેલી યોજીને વાજતેગાજતે કરવામાં આવ્યું હતું. તે પછી સ્થાપના અગાઉ મંડળને જેમણે જીવનદાન આપ્યું છે એવા દાતા શેઠ બાબુલાલ સોનાજી રાજપુરોહિતના નિવાસસ્થાનેથી ગણપતિ બાપા મોરિયાના નાદ સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ગણપતિ ચોક વિનાયકનગર ખાતે સ્થાપના કરતાં ખુબ મોટી સંખ્યામાં ભાવિ ભક્તો જોડાયા હતા. આ ઉત્સવનું અયોજન મંડળના પ્રમુખ અમૃત રાજપુરોહિત તથા મંડળના કર્મઠ સભ્યો દ્વારા ઉમંગભેર કરવામાં આવ્યું હતું.



### પાલનપુરમાં એકદંતને ભવ્ય વાજતે ગાજતે શોભાયાત્રા સાથે સ્થાપના કરાઈ

પાલનપુર શહેરમાં ઠેર-ઠેર સ્થળોએ વાજતે ગાજતે ગણેશ ચર્તુથીના દિવસે ગણેશજીની સ્થાપના કરી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. પાલનપુર આબુ હાઈવે પર આવેલ હનુમાન ટેકરી ખાતે વિસ્તાર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણપતિ મહોત્સવમાં ૫ દિવસ સુધી નામી કલાકારોનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પાલનપુરના એગોલા રોડ પર વિજયભાઈ રાજપુરોહિતના નિવાસસ્થાનેથી ગણપતિ દાદાની મૂર્તિની શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. ગણપતિબાપા મોરીયાના નાદના ગુંજ સાથે ગણેશની સ્થાપના કરવામાં આવી હતી. હનુમાન ટેકરી વિસ્તારમાં ગણેશ યુવક મંડળ એગોલા દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસામાં ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ કાર્યકરો સાથે યોજી બેઠક યોજી માર્ગદર્શન આપ્યુ

ભારતીય જનતા પાર્ટી કોઈને કોઈ બહાને કાર્યકરોમાં ઉત્સાહ ભરવા માટે અવનવા કાર્યક્રમો




યોજતી હોય છે ત્યારે આજે ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી સંગઠન પર્વને લઈ ડીસા પહોંચ્યા હતા અને કાર્યકરાઓ સાથે બેઠક યોજી હતી.

ડીસામાં આજે ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ સંગઠન પર્વની ઉજવણી અંતગર્ત આજે ડીસા ખાતે સ્થાનિક કાર્યકરો સાથે બેઠક યોજી આગામી ચૂંટણીઓની રણનીતિ વિષે ચર્ચા કરી હતી. આ બેઠકમાં કાર્યકરોને માર્ગદર્શન આપતા વાઘાણીએ કશ્મીરમાથી ૩૭૦ની કલમ હટાવ્યા બાદ આવેલા હકારાત્મક પરિણામો વિષે લોકોને જાગૃત કરવા ઉપરાંત રક્તદાન યોજીને ૩૭૦ યુનિટ રક્ત એકત્રિત કરવા જણાવ્યુ હતું. આ બેઠકમાં વાઘાણીએ ડીસાના વિવાદિત બગીચા પર નિવેદન આપતા જણાવ્યુ હતું કે આ મામલા અંગે પોતે અજાણ છે અને તેની રજૂઆત આવશે તો બગીચા વિષે હકારાત્મક નિર્ણય લઈ પ્રજા માટે આ બગીચાને ફરી ખુલ્લો મૂકવામાં આવશે.

### શેરબજાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

રકમ ઠાલવી દેવામાં આવ્યા બાદ તેના શેરમાં મોટો ઉછાળો રહ્યો હતો. કારોબારના અંતે તેજીનો માહોલ આમા રહ્યો હતો. કરન્સી માર્કેટમાં આજે ઉથલપાથલ અકબંધ રહી હતી. આજે દિવસ દરમિયાન સેંસેક્સ ૩૭૧૮૮ની ઉપરની સપાટી અને ૩૬૪૬૬ની નીચી સપાટી ઉપર રહ્યા હતા જ્યારે નિફ્ટી ૧૦૯૬૭ની ઉંચી સપાટી અને ૧૦૭૭૨ની નીચી સપાટીએ રહ્યા હતા. બીએસઈમાં ૨૮ કંપનીઓના શેર રેડ નિશાન પર રહ્યા હતા જ્યારે બે કંપનીઓના શેરમાં તેજી રહી હતી. આવી જ રીતે એનએસઈમાં ૪૮ કંપનીઓના શેરમાં વેચવાલી અને બે કંપનીઓના શેરમાં લેવાલી રહી હતી. આજે ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન ૩.૧૫ વાગ્યાની આસપાસ સેંસેક્સમાં ૮૦૦ પોઈન્ટથી વધુનો કડાકો બોલી ગયો હતો.

### પ્રચંડ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા હતા. હેવાલ મુજબ સવારે સાત વાગે નવી મુંબઈસ્થિત ઓએનજીસી પ્લાન્ટના કોલ્ડ સ્ટોરેજમાં આગ લાગી હતી. ચારેબાજુ આગના ધુમાડા જોવા મળ્યા હતા. આગની જ્વાળાઓને જોઈને લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. આગ ફાટી નિકળ્યાની ઘટના બાદ ઓએનજીસી, દ્રોણાચાર્ય, જેએનપીટી, પનવેલ, અને નેરૂલ ખાતેથી ફાયરની ટુકડી પહોંચી ગઈ હતી.

### અપાચે

● અનુસંધાન પહેલાનું ચાલુ

તરીકે છે. વિશેષ કરીને પાકિસ્તાન સાથેયુદ્ધ થાય તો ટેન્કથી હુમલાના મામલામાં તે ભારતને મોટી સફળતા અપાવશે. મિસાઈલો ફિટ હોવાથી આ હેલિકોપ્ટર પાસે ૨૫૬ મુવિંગ ટાર્ગેટને શોધીને તેના ઉપર તુટી પડવાની ક્ષમતા રહેશે. અપાચે પોતાની આધુનિક ઈલેક્ટ્રોનિક સિસ્ટમના લીધે દુનિયામાં સૌથી આધુનિક યુદ્ધ હેલિકોપ્ટર તરીકે છે. અમેરિકાએ ૧૯૯૧માં અખાત યુદ્ધ દરમિયાન ઈરાક સામે અને ત્યારબાદ અફઘાનિસ્તાનમાં તાલિબાન સામે યુદ્ધમાં આ હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો. ભારત અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ કરનાર ૧૪માં દેશ તરીકે રહેશે. અપાચેની અનેક વિશેષતાઓ રહેલી છે. તે દિન અને રાતમાં એક સાથે હુમલા કરી શકે છે. અપાચે દુશ્મન કોઈપણ સમયમાં શોધી શકે છે. અમેરિકા અને ઈઝરાયેલી સેના દ્વારા આ પ્રકારના હેલિકોપ્ટરોનો ઉપયોગ કરવામાં આવ્યા છે. અપાચેનો પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર સહિત આતંકવાદી સ્થળો ઉપર હુમલા કરવા માટે ઉપયોગ કરવામાં આવી શકે છે. તે ૨૦૦૦૦ ફૂટની ઉંચાઈ સુધી ઉંડાણ ભરી શકે છે.

### ધરપકડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૂંટણી એફિડેવિટમાં ખોટી માહિતી આપવાનો તેમના પર આરોપ મુકવામાં આવ્યો છે. આ પહેલા સોમવારની રાત્રે ભાજપના નેતા સમીરા પેકરા સહિત મરવાહીના આદિવાસી લોકો દ્વારા તેમની ધરપકડ કરવાની માંગ કરી હતી. અમિત શાહની ધરપકડ કરવાની જોરદાર માંગ સાથે એસપી ઓફિસ પર દેખાવો કરવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલામાં ત્રીજી ફેબ્રુઆરીના દિવસે મરવાહીના પૂર્વ ધારાસભ્ય અમિત જોગીની સામે ગેરાલા પોલીસ સ્ટેશનમાં કલમ ૪૨૦ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો. બીજી બાજુ અજિત જોગી પણ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમની સામે કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. અજિત જોગી કોઈ સમય કોંગ્રેસ પાર્ટીના શક્તિશાળી નેતા પૈકી એક તરીકે હતા. ગેરોલામાં દાખલ કરવામાં આવેલી ફરિયાદ મુજબ જોગીએ એફિડેવિટમાં પોતાના જન્મ સ્થાનને લઈને ખોટી માહિતી આપી હતી. ભાજપના નેતા સમીરા પેકરા દ્વારા આ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી જેમાં જણાવવામાં આવ્યું હતું કે, અમિત જોગીએ ચૂંટણી એફિડેવિટમાં જન્મ વર્ષ ૧૯૭૮માં ગ્રામસારબહરા ગેરોલા દર્શાવ્યો હતો જ્યારે તેમનો જન્મવર્ષ ૧૯૭૭માં છે અને અમેરિકામાં તેમનો જન્મ છે.

### અલકા લાંબા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાર્ટીમાં સમજુતી કરીને રહેવા કરતા હું પાર્ટીના પ્રાથમિક સભ્યપદથી રાજીનામુ આપી દઉં. જેની જાહેરાત આજે કરવામાં આવી છે અને હવે પછીની ચૂંટણીમાં ચાંદની ચોક વિધાનસભા બેઠકથી સ્વતંત્ર ઉમેદવાર તરીકે લડી શકું.''

પાર્ટીથી રાજીનામુ આપવાની વાત કહેવા ઉપરાંત અલકા લાંબાએ દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર બની ચૂંટણી લડવાની વાત પણ કહી. સાથે જ આમ આદમી પાર્ટીને પડકાર આપ્યો છે કે જો પાર્ટીમાં દમ હોય તો એમને બહાર કરે.

### સજીવ ખેતી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉત્પાદકતામાં વૃદ્ધિ મળી શકે છે પણ જમીનની ફળદ્રુપતાને અસર વિપરીત પડે છે. આથી સરકારે આ દિશામાં ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિની સાથે સાથે સજીવ ખેતી માટે તૈયાર થાય તેના પર ભાર મુક્યો છે. ગાંધીનગરમાં આજે મહાત્મા મંદિર ખાતે આ વિષયને લઈ એક સેમિનારનું પણ આયોજન કરાયુ છે. જે ઉલ્લેખનીય છે.

### સર્વિસ રોડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાર્કિંગ માટે ફેન્સીંગ ખોલી શકાઈ હોત પરંતુ તેમ કરવામાં તંત્ર નિષ્ફળ ગયુ છે.

બીજુ પાણીના નિકાલ માટે પાઈપલાઈન નાખ્યા પછી ચેમ્બરો બનાવવાની કામગીરી પણ અધુરી રહી હોવાથી તેમાં પડી જવાનો ભય પણ કર્મચારીઓને સતાવી રહ્યો છે.

છેલ્લા એક સપ્તાહથી આ સર્વિસ રોડ બંધ થતાં લોકો કર્મચારીઓ અને અધિકારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

### કકળાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને રીપોર્ટ તૈયાર કરી આગામી દિવસોમાં ૨૪ કલાક સપ્લાય આપવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવશે. જો કે હજુ આ યોજનાને અમલી બનતા સમય લાગે તેમ છે. જયારે પમ્પીંગ સ્ટેશનની મશીનરી બદલવા માટે પણ વિચારણા ચાલી રહી છે. આવા સંજોગોમાં આજે સે-૫ ની પાણીની ટાંકીના વાલ્વને લગતી ટેકનિકલ ખામીના લીધે નવા સેકટરોમાં પાણીનો સપ્લાય પુરતા ફોર્સથી આપી શકાયો ન હતો. દિવસ દરમિયાન સેકટરોમાં પાણીનો કકળાટ પ્રવર્તયો હતો. જયારે તંત્ર દ્વારા આ ખામી દુર કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે બુધવારથી રાબેતા મુજબ સપ્લાય અપાશે તેમ પણ જણાંવાયુ છે.